GUJARAT TECHNOLOGICAL UNIVERSITY
(Established by Government of Gujarat under Gujarat Act No.: 20 of 2007)
ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી
(ગુજરાત સરકારના ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૨૦/૨૦૦૭ દ્વારા સ્થાપિત)

ક્રમાંક : જીટીયુ/એસસીએસટી સેલ/૨૦૧૬/૭૬૯૯ તા.૩૦/૦૯/૨૦૧૬

વિષય: અનામતનીતિ અંગેની યુજીસીની ગાઈડલાઈન બાબતે.

સંદર્ભ : (૧)યુજીસીનો પત્ર નં. F,1-52006 (SCT) તા.૨૫/૦૮/૨૦૧૬થી બહાર પાડેલ અનામતનીતિપરત્વેની ગાઈડલાઈન

(૨) રાષ્ટ્રીય અનુસુચિતજાતિ આયોગની તા.૨૨/૦૮/૨૦૧૬ની નોટીસ અને તે સાથે મળેલી ગુજરાત રાજય અનુસુચિતજાતિ, અનુસુચિતજનજાતિ કોલેજ અને યુનિવર્સીટી અધ્યાપક મંડળ તા.૧૧/૦૮/૨૦૧૬ની રજુઆત

(૩)શિક્ષણવિભાગ સચિવાલય ગાંધીનગર, ગુજરાત સરકારનો પત્ર ક્રમાંક : ઉગય/૧૨૦૯/૩૪૯૬/પાર્ટ૧/ખ તા.૦૩/૦૯/૨૦૧૬

**પરિપત્ર**

આથી ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સીટી સંલગ્નતમામ કોલેજના આચાર્યશ્રીઓ,માન્ય સંસ્થાઓના વડાશ્રીઓ તથા યુનિવર્સીટી દ્વારા ચાલતા અનુસ્નાતક કેન્દ્રોના આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે જુદાજુદા અભ્યાસક્રમોમાં પ્રવેશ આપવાના સરકારશ્રી તથા વિવિધ વૈધાનિક સંસ્થાઓ દ્વારા જે આદેશો બહાર પાડવામાં આવે છે તે મુજબ સંસ્થામાં પ્રવેશ અંગેની કાર્યવાહી કરવામાં આવે છે. કેન્દ્ર/રાજયસરકારશ્રી દ્વારા નિયતથયેલ અનામત નિતિ મુજબ સરકારી/અર્ધસરકારી/ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓમાં વિદ્યાર્થી પ્રવેશ તથા સ્ટાફની ભરતી પ્રક્રિયામાં તેમજ સેલ્ફ ફાઈનાન્સ કોલેજો/સંસ્થાઓમાં માત્ર વિદ્યાર્થી પ્રવેશમાં અનામત નિતિનું પાલન કરવાનું રહે છે. પ્રવર્તમાન જોગવાઈઓને ધ્યાનમાં લેતા વહીવટી સરળતા ખાતર તેમજ યોગ્ય સમજ મળી રહે તે હેતુસર યુનિવર્સીટી સંલગ્નતમામ કોલેજોમાં અનામત કેટેગરીમાં પ્રવેશ અંગેની તેમજ સ્ટાફ ભરતી અંગેની નિતિ તમામ સંસ્થાઓમાં એક જ રહે (યુનિફોર્માલીટી જળવાઈ રહે) તે હેતુસર અનામત અંગેની સંક્ષિપ્ત જોગવાઈઓ નીચે મુજબ છે. જેનો ચુસ્તપણે અમલ કરવા જણાવવામાં આવે છે.



Chandkheda : Nr. Campus of Vishwakarma Government Engineering College, Sabarmati - Koba Highway, Nr. Visat Three Roads, Chandkheda, Ahmedabad - 382 424. Gujarat, India Ph. : 079 - 232 67 500 Fax : +91 - 79 232 67 580
Ahmedabad : 2nd Floor, ACPC Building, L. D. College of Engineering Campus, Navrangpura, Ahmedabad, (Gujarat) India - 380 015. Phone : + 91 - 79 - 26 300 499 / 599 Fax : + 91 - 79 - 26 30 1500
Gandhinagar : K-6 Circle, E-4 Electronic Estate G.I.D.C., Nr. Goverment Polytechnic, Sector-26, Gandhinagar - 382 028 Gujarat.
e-mail : info@gtu.ac.in URL : www.gtu.ac.in

| ક્રમ | વિગત | અનામત રાખવાની થતી જગ્યાની ટકાવારી |
|---|---|---|
| ૧. | અનામત જાતિ(શેડયુલ્ડ કાસ્ટસ) | ૦૭% |
| ૨. | અનુસુચિતજનજાતિ(શેડયુલ્ડ ટ્રાઈબ્સ) | ૧૫% |
| ૩. | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (એસ.ઈ.બી.સી.) | ૨૭% |

**વિદ્યાર્થી પ્રવેશ :**

(૧)સ્નાતક, અનુસ્નાતક, એમ.ફીલ, પીએચ.ડી. વગેરે કક્ષાના તમામ અભ્યાસક્રમોમાં વિદ્યાર્થી પ્રવેશ પ્રક્રિયાના નિયતપ્રમાણ મુજબ પ્રવેશ

(૨)પ્રવેશ માટેની નિયતશૈક્ષણિક લાયકાત, વયમર્યાદા, અનુભવ, પ્રવેશ પરીક્ષામાં પાસિંગ સ્ટાન્ડર્ડ વગેરેમાં કેન્દ્ર સરકારશ્રી, રાજ્ય સરકારશ્રી, યુ.જી.સી, વિવિધ વૈધાનિક સંસ્થાઓના નિયમોને આધીન છૂટછાટ.

(૩)અનુસૂચિતજાતિ, જનજાતિનાવિદ્યાર્થી પ્રવેશમાં નિયતનીચલી ટકાવારી અંગેની ખાસ કોઈ જોગવાઈ અમલમાં ન હોય તો સદર વિદ્યાર્થીઓની અપ્રાપ્યતાના કિસ્સામાં પાસિંગ સ્ટાન્ડર્ડ સુધી પ્રવેશ આપવાનો રહેશે.

(૪)અનુસૂચિત જાતિ, અનુસૂચિતજનજાતિનાવિદ્યાર્થીઓ માટે અલગથી પ્રવેશ કાર્યવાહી કરવાની રહેશે.

(૫) જો અનુસૂચિત જાતિ, અનુસૂચિતજનજાતિનાવિદ્યાર્થીઓ સામાન્ય મેરીટ મુજબ પસંદગી/પ્રવેશ પામે તો તેને અનુસૂચિત જાતિ, અનુસૂચિતજનજાતિનાનિયતપ્રમાણની સામે ગણતરીમાં લેવાના રહેશે નહી. તેઓને સામાન્યકક્ષામાં જ પ્રવેશ મળેલ ગણાશે.

(૬)અનુસૂચિતજાતિ/જનજાતિનાનાઉમેદવારો નિયતપ્રમાણ મુજબ ઉપલબ્ધ ન થાય તો અરસ–પરસની જે કેટેગરીમાં જગ્યા ખાલી હોય તેમાં અરસ–પરસ પ્રવેશ આપી શકાશે.

(૭) અનુસૂચિતજાતિ/જનજાતિનાનાઉમેદવારો નિયતપ્રમાણ મુજબ ઉપલબ્ધ ન થાય તો રાષ્ટ્રીય કક્ષાના વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધિ કરવી.

(૮) પ્રવેશ પ્રક્રિયા માટે વિદ્યાર્થીઓને તૈયાર કરવા શોર્ટ ટર્મ કોચીગ કલાસનું આયોજન કરવું.

(૯)પ્રવેશ પ્રક્રિયા સમિતિમાં અનુસૂચિત જાતિ, જનજાતિ પૈકીના એક પ્રતિનિધિ હોવા આવશ્યક છે.

**સ્ટાફ ભરતી :**

(૧)અનુસૂચિતજાતિ/જનજાતિનાઉમેદવારો માટે અલગથી ઈન્ટરવ્યુ કાર્યવાહી કરવાની રહેશે.

(૨)જો અનુસૂચિતજાતિ/જનજાતિનાઉમેદવારો સામાન્ય મેરીટ મુજબ પસંદગી પામે તો તેને સામાન્ય કેટેગરીમાં ગણવાના રહેશે. અનુસૂચિતજાતિ/જનજાતિના પ્રમાણની સામે ગણતરીમાં લેવાના રહેશે નહી.

(૩)જો બઢતીમાં ફીડર કેડરમાં અનામત કક્ષાના ઉમેદવારો ઉપલબ્ધ ન બને તો જગ્યા સીધી ભરતીથી ભરવાની રહેશે તથા પ્રમાણ જાળવવાનું રહેશે.

(૪)સરકારશ્રીએ નિયતકરેલ રોસ્ટર ક્રમાંકો મુજબ ભરતી/બઢતી કાર્યવાહી કરવાની રહેશે.

(૫) સ્ટાફ ભરતી, સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ઉમેદવારોને તૈયાર કરવા શોર્ટ ટર્મ કોચીંગ કલાસનું આયોજન કરવું.

(૬)વરણી સમિતિમાં અનુસૂચિતજાતિ/જનજાતિનાએક પ્રતિનિધિ હોવા આવશ્યક છે.

**હોસ્ટેલ પ્રવેશ :**

(૧)નિયતપ્રમાણ મુજબ પ્રવેશ.

(૨)અનુસૂચિતજાતિ/જનજાતિનાવિદ્યાર્થીઓ પાસેથી કોઈ પ્રકારનું ભાડુ લેવાનું રહેશે નહી.

**સ્ટાફ આવાસ :**

નિયતપ્રમાણ મુજબ ફાળવણી.

ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સીટી ખાતે સદર કામગીરીના સંકલન, નિયંત્રણ, અમલીકરણ માટે કુલસચિવઅથવા કુલસચિવદ્વારા નિયુકત અધિકારીની નિમણુંક કરવામાં આવશે. અનામત નિતિના અમલ અર્થે દરેક કોલેજ કક્ષાએ જે તે કોલેજના આચાર્યશ્રીનાઅધ્યક્ષ સ્થાને સલાહકાર સમિતિની રચના કરવાની રહેશે. જેનું માળખુ નીચે મુજબ છે. સમિતિની બેઠક દર ત્રણ માસે બોલાવવાની રહેશે. જે તે બેઠકમાં અગાઉની બેઠકોમાં થયેલી કાર્યવાહીની સમીક્ષા કરવાની રહેશે. જે તે કોલેજ/સંસ્થામાં કેન્દ્રસરકારશ્રી તથા રાજ્ય સરકારશ્રી દ્વારા નિયતથયેલ આરક્ષણ નિતિ તથા તે પરત્વે વિદ્યાર્થી પ્રવેશ/સ્ટાફ ભરતી બાબતમાં પ્રમાણ જાળવવા અંગેની સમીક્ષા, નિયંત્રણ, અમલીકરણ કરવાનું રહેશે. તેમજ કમિટીની રચના અને કાર્યવાહીની જાણ અત્રેની યુનિવર્સીટીના એસ.સી–એસ.ટી સેલને કરવાની રહેશે.



Chandkheda : Nr. Campus of Vishwakarma Government Engineering College, Sabarmati - Koba Highway, Nr. Visat Three Roads, Chandkheda, Ahmedabad - 382 424. Gujarat, India Ph. : 079 - 232 67 500 Fax : +91 - 79 232 67 580
Ahmedabad : 2nd Floor, ACPC Building, L. D. College of Engineering Campus, Navrangpura, Ahmedabad, (Gujarat) India - 380 015. Phone : + 91 - 79 - 26 300 499 / 599 Fax : + 91 - 79 - 26 30 1500
Gandhinagar : K-6 Circle, E-4 Electronic Estate G.I.D.C., Nr. Goverment Polytechnic, Sector-26, Gandhinagar - 382 028 Gujarat.
e-mail : info@gtu.ac.in URL : www.gtu.ac.in

**કોલેજ ખાતેની સલાહકાર સમિતિ :**

(૧) સંબંધિતસંસ્થાના આચાર્ય/વડા —અધ્યક્ષશ્રી

(૨) બે થી ચાર શૈક્ષણિક સ્ટાફ — સભ્યશ્રીઓ

(જેમાં અનુસૂચિતજાતિ/જનજાતિના સભ્યોનોસમાવેશ કરવાનો રહેશે.)

(૩) અ. સંબંધિતજીલ્લાના જીલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રી
બ. તકેદારી અધિકારીશ્રી, આદિજાતિ કલ્યાણ } સરકારશ્રીના પ્રતિનિધિઓ

(૪) લાયઝનઅધિકારીશ્રી એસ.સી/એસ.ટી સેલ,
ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સીટી, ચાંદખેડા, અમદાવાદ — યુનિવર્સીટીના પ્રતિનિધિ

અનામત નિતિના બાબતે સંદર્ભિત પત્રથી યુનિવર્સીટી ગ્રાન્ટ કમિશને બહાર પાડેલ ગાઈડ લાઈનની નકલ આ સાથે અમલ અર્થે સામેલ છે. જેનો ચુસ્ત અમલ કરવા સર્વેને જણાવવામાં આવે છે.

બિડાણ : સંદર્ભ ૧ની ગાઈડલાઈન

**sd/-**
કુલસચિવ

**પ્રતિ,**

(૧)યુનિવર્સીટી સંલગ્નતમામ કોલેજોના આચાર્યશ્રીઓ

(૨)માન્ય સંસ્થાઓના વડાઓ

(૩)યુનિવર્સીટી દ્વારા સંચાલિત અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ

(૪)યુનિવર્સીટી દ્વારા ચાલતા અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર ઈનચાર્જશ્રીઓ તરફ

(૫)યુનિવર્સીટી કાર્યલયના તમામ વિભાગનાવડાઓ.

**નકલ સાદર રવાના :**

(૧) માન. કુલપતિશ્રીના અંગત સચિવશ્રી, જીટીયુ

(૨)પી એ ટુ રજીસ્ટ્રાર, જીટીયુ



Chandkheda : Nr. Campus of Vishwakarma Government Engineering College, Sabarmati - Koba Highway, Nr. Visat Three Roads, Chandkheda, Ahmedabad - 382 424. Gujarat, India Ph. : 079 - 232 67 500 Fax : +91 - 79 232 67 580
Ahmedabad : 2nd Floor, ACPC Building, L. D. College of Engineering Campus, Navrangpura, Ahmedabad, (Gujarat) India - 380 015. Phone : + 91 - 79 - 26 300 499 / 599 Fax : + 91 - 79 - 26 30 1500
Gandhinagar : K-6 Circle, E-4 Electronic Estate G.I.D.C., Nr. Goverment Polytechnic, Sector-26, Gandhinagar - 382 028 Gujarat.
e-mail : info@gtu.ac.in URL : www.gtu.ac.in